

કોંગ્રેસની જનસભા - ભાજપ સરકાર સર્જિત ભ્રષ્ટાચાર અને મોંઘવારીના વિરોધમાં ગાંધીનગર ખાતે કોંગ્રેસ દ્વારા જનસભાનું આયોજન કરાયું હતું. રાજ્ય સરકારના કથિત ભ્રષ્ટાચાર સામે ઉગ્ર રોષ વ્યક્ત કરાયો હતો. કોંગ્રેસના પ્રદેશ આગેવાનો દ્વારા મુખ્યમંત્રી સામે ભેદભાવની નીતિનો આક્ષેપ મુકી, અમીર વધુ અમીર થતો જાય છે, ગરીબ વધુ ગરીબ બને છે... શહેર અને ગામડા વચ્ચે પણ સરકારની નીતિ ભેદભાવ વાળી છે... કોંગ્રેસના નેતાઓએ પાટલી બદલુ ધારાસભ્યોસામે પણ આક્રોશ ઠાલવ્યો હતો. કોંગ્રેસી કાર્યકરોએ સચિવાલય તરફ કૂચ કરી ધરપકડ વ્હોરી હતી... *(તસવીર : દિપક જાની)*

# ગાંધીનગર બન્યુ આંધીનગર

### આખો દિવસ જોરદાર પવન ફુંકાતા શહેરમાં બેનરો ઉડ્યા : આખા શહેરમાં કચરો ફેલાયો

ગાંધીનગર, તા. ૨૪

એક સમયે આંધીનગર તરીકે ઓળખાતા ગાંધીનગરમાં જુના દિવસો પાછા હોય તેમ છેલ્લા બે દિવસથી શહેરમાં જોરદાર પવન ફુંકાઈ રહ્યો છે. જેના કારણે શહેર જાણે આંધીનગર બની ગયું છે. જોરદાર પવનને કારણે શહેરમાં ઠેર ઠેર વૃક્ષોના પાંદડાઓ અને કચરો ફેલાઈ ગયો હતો.

ઋતુ પરિવર્તનના ગાળામાં મોસમમાં વારંવાર ફેરફાર આવી રહ્યો છે. છેલ્લા બે દિવસથી પવનની ગતિમાં ખુબ વધારો થયો છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ઝાઝો ફેરફાર નથી થયો પરંતુ પવન અને વંટોળના કારણે મોડી રાત્રે અને વહેલી સવારે ઠંડીનો અનુભવ થતો હતો. છેલ્લા બે દિવસથી પવનની ગતિ વધતા આજે વહેલી સવારે આકાશમાં વાદળો છવાઈ ગયા હતા. વાદળો છવાતા સૂર્યનારાયણ ગાયબ થઈ ગયા હતા. સવારથી જ પવનની ગતિ ખુબ રહેતા ઘરના બારી-બારણા બંધ રાખવાની ફરજ પડી હતી. જાણે વંટોળ ફુંકાતો હોય તેમ પવન ઘુમરીઓ લેતુ હતુ. જેમાં ધૂળ અને પ્લાસ્ટીકનો કચરો તથા વૃક્ષોના પાંદડાઓ ઉંચે આકાશ સુધી ચઢતા હતા અને ઠેર ઠેર ફેલાયા હતા. આખા શહેરમાં જાણે કચરો ફેલાઈ ગયો હતો. દ્વિચક્રી વાહનચાલકો ધૂળ અને કચરાથી બચવા માસ્ક બાંધીને જતા નજરે પડતા હતા. આંખોમાં ધૂળ ન જાય તે માટે વાહનચાલકોને ચશ્મા પહેરવાની ફરજ પડી હતી. માર્ગો પર અને ખુલ્લા પ્લોટમાં જ્યાં જુઓ ત્યાં કચરો વેરાયેલો નજરે ચઢતો હતો. પવનની ગતિ ૧૪થી ૧૫ કિ.મી. જેટલી રહી હતી.


## આમંત્રણ

**ગુજરાત રાજ્ય રમતગમત અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગ દ્વારા પ્રસ્તુત એમ. કે. આર્ટનું સામાજિક ફેમેલી કોમેડી નાટક**

## પપ્પાને પરણવું છે

લેખક : શ્રી નાનાસાહેબ પાચગુડે (મુંબઈ)
નિર્માતા-દિગ્દર્શક : મોહનભાઈ પરમાર
સહ દિગ્દદર્શન : શિલ્પા ઠાકર ● આયોજન : ઈન્દુ વસંત પરમાર
આજે સાંજે ૬-૦૦ કલાકે, આંબેડકર હોલ, ગાંધીનગર ● પ્રવેશ વિના મૂલ્યે
આગામી પ્રયોગ : તા. ૨૭/૨/૨૦૧૪, રંગમંડળ, અમદાવાદ


### પાટલી બદલુ ધારાસભ્યોને કોંગી નેતાઓએ આડે હાથ લીધા

# કોંગ્રેસમાં પડેલો ભંગાર ભાજપ ઉઘરાવી રહી છે : શક્તિસિંહ ગોહિલ

### ફાઈલો પાસ કરાવવા ધારાસભ્યો ભાજપમાં જોડાયા છે : શંકરસિંહ વાઘેલા : સભા બાદ રેલી કાઢતા ૨૦૦ આગેવાનો-કાર્યકરોની અટકાયત

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૬ના મેદાનમાં કોંગ્રેસ દ્વારા ભ્રષ્ટાચાર અને મોંઘવારીના વિરોધ માટે યોજાયેલ કાર્યક્રમમાં ભાજપ સરકાર અને કોંગ્રેસના પાટલી બદલુ ધારાસભ્યોને શંકરસિંહ વાઘેલા, શક્તિસિંહ ગોહીલ તથા અર્જુન મોઢવાડિયાએ આડે હાથ લીધા હતા. કોગ્રેસનો ભંગાર ભાજપ ઉઘરાવી રહી હોવાનું શક્તિસિંહ ગોહિલે તેમના ભાષણમાં ઉમેર્યુ હતુ. સભા સંપન્ન થયા બાદ પ્રતિબંધીત વિસ્તાર તરફ રેલી કાઢતા પોલીસે ૨૦૦ જેટલા કોંગી આગેવાનો-કાર્યકરોની અટકાયત કરી લીધી હતી.

કોંગ્રેસના યોજાયેલા કાર્યક્રમમાં શંકરસિંહ વાઘેલા, શક્તિસિંહ ગોહીલ, અર્જુન મોઢવાડિયા, સી.જે. ચાવડા, હિમાંશુ પટેલ, નિશિત વ્યાસ સહિતના નેતાઓ-આગેવાનો ઉપરાંત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓએ ભાજપ સરકાર અને મોદી પર આકરા શાબ્દિક પ્રહારો કર્યા હતા. પોતાના ભાષણમાં એક પછી એક કોંગ્રેસમાંથી ભાજપમાં

● *અનુસંધાન પાન-૭ પર*


**શ્રી બાલાહનુમાન આયુર્વેદ કોલેજ સંલગ્ન**
**શેઠ શ્રી સો.ગો. શાહ આયુર્વેદ હોસ્પિટલ, લોદરા**

## ટેન્ડર નોટીસ

શ્રી બાલાહનુમાન આયુર્વેદ કૉલેજ સંલગ્ન શેઠશ્રી સો.ગો. શાહ આયુર્વેદ હોસ્પિટલ લોદરા, તા. માણસા, જિ. ગાંધીનગરમાં આવતા ઈન્ડોર દર્દીઓને ચા તથા ભોજન આપવા અંગેનો સને ૨૦૧૪-૧૫ના વર્ષ માટેનો કોન્ટ્રાક્ટ આપવા માંગે છે. તો હોસ્પિટલ રસોઈ કામનો અનુભવ તેમજ પાન નંબર ધરાવતા કોન્ટ્રાક્ટરોએ જ જરૂરી ટેન્ડર ફોર્મ સંસ્થાની ઓફીસેથી રજાના દિવસ સિવાય તા. ૧/૩/૧૪ થી તા. ૧૦/૩/૧૪ સુધીમાં મેળવી લઈ તા. ૧૪/૩/૧૪ સુધીમાં સંપૂર્ણ વિગત સાથે ભરી પરત મોકલી આપવાના રહેશે. ટેન્ડરની શરતો તથા જરૂરી ડિપોઝીટ ટેન્ડર ફોર્મમાં જણાવેલ છે. ટેન્ડર મંજુર કરવા અંગેની સર્વે સત્તા સંસ્થાને અબાધિત રહેશે.

સ્થળ : લોદરા
તા. ૨૨/૨/૧૪

સહી/-
(ડૉ. એન. પી. લંબોદર)
સુપ્રિન્ટેન્ડેન્ટ,
શેઠશ્રી સો.ગો. શાહ આયુ. હોસ્પિટલ, લોદરા


# સીટીએસ સિસ્ટમ : વેપારીઓ તોબા કરોડોનુ ચેક ક્લીયરીંગ અટવાયુ !!

### નવી સિસ્ટમ યોગ્ય રીતે કાર્યરત ન થતા આર્થિક વ્યવહાર ખોરવાયો

ગાંધીનગર, તા. ૨૪

ચેક ક્લીયરીંગ માટે અમલમાં આવેલી સીટી.એસ.ની નવી સિસ્ટમ યોગ્ય રીતે કાર્યરત ન થતા વેપારીઓના કરોડોના ચેક ક્લીયરીંગ અટવાઈ પડ્યા છે. સિસ્ટમ શરૂ કરવાનો હેતુ તો સસ્તો નથી પરંતુ કરદાતાઓના માથે પેનલ્ટી તેમજ વ્યાજનુ ભારણ આવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. વેપારીઓ ધુંઆ-પુંઆ થઈ ગયા છે.

રીઝર્વ બેન્કે ચેક ક્લીયરીંગ માટે સી.ટી.એસ. (ચેક ટ્રાન્ઝેક્શન (સિસ્ટમ) લાગુ કરી છે. આ સિસ્ટમ કાર્યરત થયા બાદ ખાતેદારોને


● *અનુસંધાન પાન-૭ પર*

# જિલ્લાની ૧૪૩ શાળામાં એક ઓરડામાં એક કરતા વધુ ધોરણના બાળક ભણે છે

### જિલ્લામાં ૧૯,૩૧૧ પેન્શનરો બેંક મારફ્તે પેન્શન મેળવે છે : નાણાંમંત્રી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટને લઈ કોંગીના કામિનીબા રાઠોડે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે કુલ ૧૩૫ જગ્યાઓ ખાલી છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

જેમાં અપર પ્રાથમિકની ૨૧ અને ઉચ્ચત્તર પ્રાથમિકમાં ૧૧૪ જગ્યાઓ ખાલી પડી છે.

તેમણે જણાવ્યુ છે કે આ પૈકી ૨૦૧૩-૧૪ માં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકોની ૭૩ જગ્યાઓ ભરવામાં આવી છે જ્યારે બાકીની જગ્યાઓ જેમ બને તેમ ઝડપથી ભરવામાં આવશે.

#### ● પેન્શનરોની સંખ્યા

ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લાના પેન્શનરોની સંખ્યાને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાણાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૩૧-૧૨-૧૩ની સ્થિતિએ પેન્શનરોની સંખ્યા ૧૯,૩૧૧ છે. આ બધા પેન્શનરો બેંક મારફતે પેન્શન મેળવે છે.

#### ● પેન્શનના પડતર કેસ

ગાંધીનગર જિલ્લાની પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં ૩૧-૧૨-૧૩ની સ્થિતિએ કુલ ૮૦ કેસ પડતર હતા તેમ ભાજપના ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાણામંત્રીશ્રીએ જણાવ્યુ છે. ઉક્ત પેન્શન પડતર કેસોનો ૫ ફેબ્રુ. ૧૪

● *અનુસંધાન પાન-૭ પર*






Govt. of India Regd. No. 38383 / 82 *માલિક - પ્રકાશક - મુદ્રક :* પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. *તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧* E-mail : gandhinagarsamachar@yahoo.com